# નેમિ જીણેસર નિજ કારજ કર્યું, છાંડયો સર્વ વિભાવજી

નેમિ જીણેસર નિજ કારજ કર્યું, છાંડયો સર્વ વિભાવ જી

આતમ શક્તિ સકલ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજ ભાવ જી

નેમિ જીણેસર નિજ કારજ કર્યું, છાંડયો સર્વ વિભાવ જી

રાજુલ નારી રે સારી મતિ ધરી, અવલમ્બ્યા અરિહંતો જી

ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે, સાધે આનંદ અનંતો જી

નેમિ જીણેસર નિજ કારજ કર્યું, છાંડયો સર્વ વિભાવ જી

રાગી સંગે રે રાગ દશા વધે, થાયે તિણે સંસારો જી

નિરાગીથી રે રાગનું જોડવું, લહિયે ભવનો પારો જી

નેમિ જીણેસર નિજ કારજ કર્યું, છાંડયો સર્વ વિભાવ જી

અપ્રશસ્તા રે ટાળી પ્રશસ્તા, કરતા આશ્રવ નાસે જી

સંવર વાધે રે સાધે નિર્જરા, આતમભાવ  પ્રકાશે જી

નેમિ જીણેસર નિજ કારજ કર્યું, છાંડયો સર્વ વિભાવજી

નેમિ પ્રભુ ધ્યાને રે એકત્વતા, નિજ તત્વે એક તણો જી

શુક્લ ધ્યાને રે સાધી સુસિધ્ધતા, લહિયે મુક્તિ નિદાનો જી

નેમિ જીણેસર નિજ કારજ કર્યું, છાંડયો સર્વ વિભાવજી

અગમ અરૂપી રે અલખ અગોચરું, પરમાતમ પરમીશો જી

"દેવચંદ્ર" જીનવરની સેવના, કરતા વધે જગીશો જી

નેમિ જીણેસર નિજ કારજ કર્યું, છાંડયો સર્વ વિભાવજી

નેમિ જીણેસર નિજ કારજ કર્યું, છાંડયો સર્વ વિભાવ જી

આતમ શક્તિ સકલ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજ ભાવ જી

નેમિ જીણેસર નિજ કારજ કર્યું, છાંડયો સર્વ વિભાવ જી

2016-03-30 -